બળદો ભરી જતા પીકઅપ ડાલાના ચાલકે બચવા માટે ત્રણ પોલીસ વાનને ટક્કર મારી

આખરે પોલીસે નર્મદા કેનાલ પાસે પીસીઆર વાન આડસરૂપે મુકી આરોપીને ઝડપી પાડ્યો હતો

ગાંધીનગર, તા. ૮

શહેરના ચ-૦ સર્કલ પાસે બળદ ભરેલા શંકાસ્પદ પીકઅપ ડાલાના ચાલકે એક પછી એક ત્રણ પોલીસની પીસીઆર વાનને જોરદાર ટક્કર મારી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ નર્મદા કેનાલ પાસે જ અડાલજ પીએસઆઈની ટીમે ડાલાના ચાલકને ફિલ્મી ઢબે દબોચી દિધો હતો. જો કે ડાલુ માર્ગમાંથી ફંગોળાઈ જતા ચાલકને ઈજાઓ થતા તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ગતરોજ મોડી રાત્રે ઈન્ફોસીટી પોલીસની પીસીઆર ચ-૦ સર્કલ પાસે પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન ૩ બળદો ભરી પીકઅપ ડાલુ પસાર થઈ રહ્યુ હતુ. પોલીસને શંકા જતા પીકઅપ ડાલાને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ડાલાના ચાલકે ડાલુ પુરપાટ ઝડપે દોડાવી મુક્યુ હતુ. પીસીઆર વાનના ચાલકે આગળ અન્ય એક પીસીઆરને જાણ કરતા તે માર્ગમાં દોડી આવી હતી. જેથી ડાલાના ચાલકે પીસીઆર વાનને જોરદાર ટક્કર મારી કોબા રોડ પર ડાલુ દોડાવ્યુ હતુ. આ દરમિયાન પોલીસે કોબા પાસેની પીસીઆર વાનને મેસેજ કરતા કોબાની પીસીઆર હરકતમાં આવી ગઈ અને ડાલાને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પુરપાટ ઝડપે દોડી આવતા ચાલકે બીજી પીસીઆર વાનને પણ ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. આમ બેફામ બની ડાલુ ચલાવતા ચાલકને રોકવા અન્ય પોલીસની પીસીઆર વાનને મેસેજ પાસ કરવામાં આવ્યો હતો. જ્યાં અડાલજ પોલીસના પી.એસ.આઈ. પી.સી.આર.માં પેટ્રોલિંગ કરી રહ્યા હતા અને ડાલા અંગે માહિતી મળતા આખી પીસીઆર જ આડશરૂપે માર્ગ વચ્ચે મુકી ડાલાના ચાલકને રોકવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ મરણીયો બનેલો ડાલાનો ચાલક કોઈપણ જાતના ડર વગર ડાલાથી ત્રીજી પીસીઆર વાનને જોરદાર ટક્કર મારી હતી. બાદમાં વાહન પરનો કાબુ ગુમાવતા બળદ ભરેલુ ડાલુ નર્મદા કેનાલ પાસે માર્ગથી નીચે ઉતરી ગયુ હતુ. આથી પોલીસે ડાલા પાસે પહોંચી ચાલક મહંમદ અન્નર મુક્તાર અંસારી (જુહાપુરા, અમદાવાદ)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે ઈજાગ્રસ્તને સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો અને બળદને પણ છોડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે વધુ તપાસ ઈન્ફોસીટી પોલીસ મથકના પીએસઆઈ આર.સી. ચૌહાણ ચલાવી રહ્યા છે.

આજે આંબેડકર હોલ ખાતે અગનઝાળ વિશે હાસ્યદા પંડયાનું વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગરસ તા.૮

ગાંધીનગર શહેરના દલિત વિચાર વિમર્શ મંચ દ્વારા તા.૯ એપ્રિલને સોમવારના રોજ સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે સાંજે ૫.૩૦ કલાકે હરીશ મંગલમની નવલકથા અગનઝાળ વિશે ડો.હાસ્યદા પંડયાનું વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ છે. તો આ વ્યાખ્યાનનો લાભ લેવા સૌ નગરજનોને દલિત વિચાર વિમર્શ મંચના સાહિલ પરમારે અનુરોધ કર્યો છે.

કોબા તીર્થ ખાતે બાલ શ્રમણ મુનિવરશ્રી પાશ્વપદ્મસાગરજી મહારાજ સાહેબની વડી દીક્ષા પ્રસંગે મોટીસંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર પ્રસંગ રાષ્ટ્રસંત પુજયપાદ આચર્યદેવશ્રી પદ્મસાગર સુરીશ્વરજી મહરાજ સાહેબની નિશ્રામાં યોજાયો હતો. આ પ્રસંગે ચાર આચાર્ય મહારાજ પણ ખાસ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

પગરખા, ચંપલ આપી ગયા... એકાદુ કુલર આપ્યું હોત તો સારું હતું...!!

સે-૩ એસએસવી કેમ્પસ ખાતે નાના ભુલકાઓને પ્રમાણપત્ર એનાયત કરાયા

ગાંધીનગર શહેરની શૈક્ષણિક સંસ્થા એસએસવી સેકટર-૩ બી ખાતે આજે જુનિયર કેજી અને સિનિયર કેજીના નાના ભુલકાઓને મેનેજીંગ ટ્રસ્ટ્રીઓના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. આ પ્રસંગે મોટીસંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લા પેન્શનર સમાજની બેઠક કલોલ ખાતે યોજાઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લા પેન્શનર મંડળની દર ત્રણ માસે તાલુકા સ્થળે મળતી બેઠક તાજેતરમાં કલોલ શહેર તાલુકા આયોજન મંડળના આયોજનમાં ચારેય તાલુકાની બેઠક તુલસી હોટલના સભાખંડમાં જિલ્લા પ્રમુખના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં ચારેય તાલુકાના હોદેદારો તેમજ કારોબારી સભ્યો હાજર રહ્યા હતા. આ બેઠકમાં જિલ્લા અને રાજયકક્ષાના પેન્શનને લગતા પ્રશ્નોની ખુબ જ ચર્ચા કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા પેન્શનર સમાજની બેઠક કલોલ ખાતે યોજાઈ હતી. જેમાં ચારેય તાલુકાના સભ્યો હાજર રહ્યા હતા અને પ્રશ્નોની છણાવટ કરી હતી. સૌ પ્રથમ સભાના પ્રારંભે પેન્શનર્સ આત્માઓને તથા દેશના વીર સૈનિક કર્મચારી, અધિકારી, ભાવાંજલિ અર્પી હતી. તેમજ જિલ્લામાંથી તાલુકામાંથી શહીદ થયેલા સૈનિકોની માહીતી મેળવી એમના કુંટબના પરિવારજનોને શકત તેટલી મદદ કરવા સંકલ્પ કર્યો હતો. કલોલ શહેર પેન્શનર મંડળના પ્રમુખ કાન્તિભાઈ પ્રજાપતિ, માણસા પેન્શનર સમાજના પ્રમુખ ભોળાભાઈ પટેલ, દહેગામના રસિકભાઈ અમીન, ગાંધીનગર તાલુકા પેન્શનરના ચેલાભાઈ પટેલ સમાજના પ્રશ્નો અને પ્રવૃતિઓની વિગત આપી હતી. પ્રમુખ કે.બી. વ્યાસની બેઠકમાં રજુ થયેલા પ્રશ્નોનો ખુબ જ સંતોષકારક જવાબી આપી અન્ય પ્રશ્નોની ચર્ચા કરી હતી. જેમાં પેન્શનરોને પણ ખાનગી દવાખાનાનો સુવિધા ખર્ચ વ્યાજબી આપવો, શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પેન્શનરને સરકારી જમીન રહેણાંક માટે ન હોય તેવી સ્થિતિમાં રાહત દરે જમીન આપવી, શ્રવણ યાત્રાની જોગવાઈ વધુ લાભદાયી બનાવવી, દર વર્ષે ૧લી જાન્યુઆરીના રોજ પેન્શનર ડે તરીકે ઉજવણી કરવી, સહિતના પ્રશ્નોની ચર્ચા કરી હતી. ત્યારબાદ કલોલ પેન્શર સમાજ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિની વિગત આપવામાં આવી હતી.ત્યારબાદ સૌ સભ્યો ભોજન લઈને છુટા પડ્યા હતા.

નર્મદા યોજનાના વિલંબ માટે વડાપ્રધાન મોદી-મ.પ્રદેશ સરકાર જવાબદાર : ધાનાણી

સુરતની મુલાકાતે આવેલા વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ ભાજપ સરકાર પર નિશાન સાધ્યું છે. પરેશ ધાનાણીએ કહ્યુ કે, સરકારે નર્મદા યોજનાના નામે મોટા વાયદા કર્યા છે. પરંતુ સરકાર રાજયમાં વિકાસના નામે ખોટો ભ્રમ ફેલાવી રહી છે. સરકારે પોતાની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ ગઈ છે. નર્મદા યોજનાના વિલંબ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મધ્યપ્રદેશની સરકાર વધુ જવાબદાર છે.

વડોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૮

તાલુકા આરોગ્ય કચેરી ગાંધીનગર તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વડોદરાના સંયુક્ત ઉપક્રમે વડોદરા ખાતે વિકાસ આરોગ્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ શિબિરમાં ગાંધીનગર તાલુકાના આઈ.ઈ.સી. અધિકારી રાજેન્દ્ર પટેલ, વડોદરા પી.એચ.સી.ના મ.પ.સુ. ભાવેશ પટેલ હાજર રહ્યા હતા.

આ વર્ષે વિશ્વ આરોગ્ય દિનનું મહત્વનું સુત્ર 'યુનિવર્સલ હેલ્થ કવરેજ' એવરીવન એવરી હેલ્થ' યુનિવર્સલ હેલ્થ તરીકેનો ઉદ્દેશ વિશ્વના દરેક વ્યક્તિને નાણાંકીય મુશ્કેલી સિવાય કોઈપણ સ્થળે અને સમયે ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ મળી રહે તેવો છે.

સર્વ વ્યક્તિઓ માટે કોઈપણ જાતના ભેદભાવ વિના કોઈપણ

વ્યક્તિની અવગણના કર્યા સિવાય દરેક વ્યક્તિને દરેક સ્થળે જરૂરિયાત હોય ત્યારે આર્થિક અડચણનો સામનો કર્યા સિવાય આરોગ્ય સેવાઓ પ્રાપ્ત કરવાનો અધિકાર છે. તે વિશે હાજર રહેલ ૪૫ જેટલા લાભાર્થીઓને સમજ પુરી પાડવામાં આવી હતી.

ચિલોડા-ગાંધીનગર માર્ગ પર ડમ્પર ઘુસી જતાં દિવાલને નુકસાન

ચિલોડા-ગાંધીનગર માર્ગ પર આવેલ ચિલોડા સ્થિત એસપી પેટ્રોલપંપ પાસે ચિલોડાથી ગાંધીનગર જતા ડમ્પર નં. જીજે.૦૯.ઝેડ.૨૬૦૧ના ટ્રકચાલકને હિસ્ટોરિયા (વઈ) આવી જતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક પેટ્રોલપંપ તરફ બે ઝાડ વચ્ચે થઈ પંપની દિવાલ અને લાઈટના થાંભલા સાથે અથડાતા ભારે નુકશાન થવા પામ્યુ હતુ. આ અકસ્માત દરમ્યાન ટ્રક ઉભા ઝાડ સાથે અથડાતા રહી જવાથી ગંભીર અકસ્માત બનવા દહેશત હતી. ટ્રક દિવાલ સાથે અથડાતા ટ્રક આગળ વધતા અટકી જતા ગંભીર અકસ્માત થતાં રહી જવા પામતા પંપના માલિકને રાહત થવા પામી હતી. આ અંગે પંપના માલિકે પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

બિટકોઈન કેસમાં ૯ પોલીસકર્મી વિરુદ્ધ ફરિયાદ દાખલ

ગાંધીનગર,તા. ૮

સુરતના બિલ્ડર શૈલેષ ભટ્ટનું અપહરણ કરી બિટકોઈન પડાવી રૂ.૩૨ કરોડની હવાલા મારફતે ટ્રાન્સફર કરવાની માંગણીના ચકચારભર્યા પ્રકરણમાં આજે સીઆઈડી ક્રાઈમના અધિકારીઓએ અમરેલીમાં જુદી જુદી છ ટીમોની મદદથી જુદા જુદા સ્થળોએ દરોડા પાડયા હતા. પોલીસે આ સમગ્ર પ્રકરણમાં એલસીબી પીઆઈ સહિત કુલ નવ પોલીસ કર્મચારીઓ સામે ગંભીર ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાંથી ત્રણ પોલીસ કર્મચારીઓની ધરપકડ કરવામાં આવતાં સમગ્ર રાજયના પોલીસબેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સીઆઈડી ક્રાઈમ દ્વારા આ સમગ્ર બિટકોઈન મામલાની તપાસ માટે સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના પણ કરવામાં આવી છે, જેમાં ડીવાયએસપી સૈય્યદ તપાસનો મુખ્ય દોર સંભાળશે. સૌથી મહત્વની અને નોંધનીય વાત એ છે કે, સીઆઈડી ક્રાઈમે આ સમગ્ર પ્રકરણમાં આરોપી પોલીસ કર્મચારીઓ વિરૂધ્ધ અપહરણ, ખંડણી અને ગુનાહિત કાવતરા સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. જેની તપાસ ચલાવાઈ રહી છે અને આગામી દિવસોમાં વધુ પોલીસ કર્મચારીઓની ધરપકડની શકયતાઓ બળવત્તર બની છે. બિટકોઈનના રાજયભરમાં ખળભળાટ મચાવનાર પ્રકરણમાં આજે નવો વળાંક આવ્યો હતો. આજે સવારે બિટકોઈન કેસની તપાસ અંતર્ગત સીઆઈડી ક્રાઈમના અધિકારીઓની જુદી જુદી છ ટીમોએ અમરેલીમાં પોલીસ પર અચાનક દરોડા પાડ્યા હતા. જેને પગલે રાજયભરના પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ હતી. સીઆઈડી ક્રાઈમ દ્વારા એલસીબી પી.આઈ. અનંત પટેલ સહિત ૮ પોલીસકર્મી પર દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં ૩ પોલીસકર્મીની અટકાયત કરવામાં આવી હતી. પોલીસ દ્વારા હાલ આ પ્રકરણમાં અપહરણ, ખંડણી અને ગેરકાયદેસર ગોંધી રાખવાના ગુના અંતર્ગત તેમની વિરૂદ્ધ ફરિયાદ નોંધવામાં આવી હતી. આજે સીઆઈડી ક્રાઈમના દરોડાથી ફફડી ઉઠેલા કેટલાક પોલીસ કર્મચારીઓ તો પોતાના ઘરોને તાળા મારી પરિવાર સાથે રફુચક્કર થઈ ગયા હતા પરંતુ સીઆઈડી ક્રાઈમે સ્થાનિક મામલતદારને સાથે રાખી ઘરના તાળાઓ તોડી તપાસનો અસરકારક દોર ચલાવ્યો હતો. દરમ્યાન સીઆઈડી ક્રાઈમના વડા આશિષ ભાટીયાએ આ અંગે જણાવ્યું હતું કે, પોલીસે આ સમગ્ર મામલામાં તટસ્થ અને ન્યાયી તપાસ માટે સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન

● અનુસંધાન પાના - ૭ પર

૧૮૨ દિવસમાં મહાત્મા મંદિર, ૨૪૦ દિવસમાં હોટલ, તો ૩૬૫ દિવસમાં મેટ્રો રેલ કેમ નહીં!

ગુજરાત સરકારની પહેલી પ્રાયોરિટી શહેરોની ટ્રાફિક સમસ્યાને હળવી કરવાની હોવી જોઈએ. ખાસ કરીને અમદાવાદમાં વાહનોથી ભરચક બનેલા માર્ગો પર પ્રાઈવેટ વાહનોની જગ્યાએ પબ્લિક ટ્રાન્સપોર્ટેશનની આવશ્યકતા છે. ખાનગી વાહનોમાં સફર કરતા ગાંધીનગર અને અમદાવાદના મુસાફરોને મેટ્રોરેલની ખૂબ જરૂર છે પરંતુ કોણ જાણે આ પ્રોજેક્ટ મંથર ગતિએ ચાલી રહ્યો છે. ગાંધીનગરનું મહાત્મા મંદિર ૧૮૨ દિવસમાં, પાટનગરનું રેલ્વેસ્ટેશન કમ ફાઈવસ્ટાર હોટલ ૨૪૦ દિવસમાં, ગિફ્ટ સિટી ૨૦૦ દિવસમાં અને સ્વર્ણિમ સંકુલ જો ૩૦૦થી ઓછા દિવસમાં બની શકતું હોય તો અમદાવાદની મેટ્રોરેલનો પ્રોજેક્ટ કેમ ૩૬૫ દિવસમાં બની ન શકે તે આશ્ચર્યની બાબત છે. સરકાર ધારે તો બધી મશીનરી કામે લગાડીને કોઈપણ પ્રોજેક્ટ છ મહિનાની અંદર પૂર્ણ કરી શકે છે કારણ કે હવે એવી ટેકનિક આવી ચૂકી છે પરંતુ અહીં તો ઈચ્છાશક્તિનો અભાવ છે. ગુજરાત તમામ મોરચે અગ્રેસર રહ્યું છે પરંતુ પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમના પ્રોજેક્ટોમાં અત્યંત વિલંબ થઈ રહ્યો છે. અમદાવાદની બીઆરટીએસ ગાંધીનગર સુધી લંબાવવા માટે નરેન્દ્ર મોદીએ ૨૦૧૨માં જાહેરાત કરી હતી પરંતુ આ બીઆરટીએસ છ વર્ષ પછી પણ અમદાવાદના સાબરમતી થી આગળ વધી શકી નથી.

● કેજરીવાલે જે સહન કર્યું તે રૂપાણી નહીં કરે...

ગુજરાતી કહેવત છે કે- જોઈતું હતું ને વૈદ્યે કહ્યું... મુખ્યમંત્રી વિજય રૂપાણી ગુજરાતમાં પાર્લામેન્ટરી સેક્રેટરીની નિયુક્તિ કરવાના મૂડમાં નથી. તેઓ તેમની કેબિનેટનો વિસ્તાર કરશે, બોર્ડ-કોર્પોરેશનમાં નિમણૂકો કરશે પરંતુ પાર્લામેન્ટ સેક્રેટરી નહીં બનાવે, કારણ કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહન કરી ચૂક્યાં છે. તેમની સરકારના ૨૦થી વધુ ધારાસભ્યો ગેરલાયક ઠર્યા છે, જો કે કોર્ટે એ ધારાસભ્યોને રાહત આપી છે. રૂપાણી આ ભૂલ કરવા માગતા નથી. તેમણે ૨૦૧૭ પહેલાની સરકારમાં વાસણ આહીર, રણછોડ દેસાઈ, વિભાવરી દવે, ભરતસિંહ ડાભી, શામજી ચૌહાણ, જેઠાભાઈ સોલંકી, બાબુ જમના પટેલ, જયંતિ રાઠવા, પૂર્ણેશ મોદી, હિરાભાઈ સોલંકી અને પુનમ મકવાણાને પાર્લામેન્ટ સેક્રેટરી બનાવ્યા હતા. આ તમામ ધારાસભ્યો હતા. ૨૦૧૭ પછી રૂપાણી આવું કરવા માગતા નથી. સમય આવ્યે તેઓ કેબિનેટનો વિસ્તાર કરશે. ગુજરાત સરકારમાં આ પત્તુ કટ થઈ ગયું છે.

● ગુજરાત સરકારમાં મોદીનો ડર રહ્યો નથી...

ગુજરાત સરકારમાં હવે નરેન્દ્ર મોદીનો ડર રહ્યો નથી. સચિવાલયના વિભાગો હોય કે પછી જિલ્લાનું વહીવટી તંત્ર હોય, ક્યાંય પણ હાઉ નથી, કેમ કે ઓફિસરો અને કર્મચારીઓ જાણે છે કે મોદી વડાપ્રધાન છે. તેઓ ફરી ગુજરાતના મુખ્યમંત્રી ક્યારેય બનવાના નથી. હા, પોલીસ અને આઈએએસ લોબીમાં હજી ભાજપના પાર્ટી પ્રેસિડેન્ટ અમિત શાહની ધાક છે. તેમના નામથી બ્યુરોક્રેસી ફફડી રહી છે. સચિવાલયમાં બાબુઓ એવું માને છે કે ગુજરાતનો હવાલો કેન્દ્રમાં અમિત શાહ પાસે છે તેઓ જ ગુજરાત સરકાર ચલાવતા હોય તેવું લાગી રહ્યું છે. ગુજરાતનું કોઈપણ ઈલેક્શન હોય, અમિત શાહ તેમાં દિલચસ્પી જરૂર રાખી રહ્યાં છે. ૨૦૧૪માં શરૂઆતમાં બ્યુરોક્રેસી મોદીથી ડરતી હતી. આ ડર એક વર્ષ ચાલ્યો પરંતુ ત્યારપછી મોદીનો કરિશ્મા સચિવાલયમાં ઓછો થતો ગયો છે. હા- જ્યારે મોદી ગુજરાતની મુલાકાતે હોય છે ત્યારે સરકારનું સમગ્ર વહીવટી તંત્ર મોદીમય બની જાય છે, એ બાબત અલગ છે પરંતુ તેમની ગેરહાજરીમાં કોઈ મોદીનું નામ દઈને કામ કરાવી શકતું નથી. ખાસ કરીને જિલ્લાના વહીવટી તંત્રને એવો કોઈ ડર રહ્યો નથી.

● પોલીસમાં પ્રમોશન છે અને ટ્રાન્સફરો પણ છે...

ગુજરાતના સિનિયર આઈએએસ ઓફિસરોની બદલીઓની સાથે સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણી પોલીસ તંત્રમાં પણ મોટોપાયે ફેરફાર કરવા જઈ રહી છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસની પણ તેઓ બદલી કરવાના મૂડમાં છે. બીજી તરફ લાંબા સમયથી પડતર રહેલી આઈપીએસ ઓફિસરોના પ્રમોશનની ફાઈલ પણ ક્લિયલ કરવાના મૂડમાં છે. ગુજરાતના નવા ડીજીપીએ તેમનો ચાર્જ સંભાળી લીધો છે. રાજ્યમાં ૧૯૯૩ની બેચના આઈપીએસ ઓફિસોરનું પ્રમોશન ડ્યું છે. આઈજી થી એજીજીપી રેન્કના પ્રમોશન અપાશે તો ૨૦૦૦ની બેચના જીઆઈજીના પ્રમોશન પણ કરવામાં આવી શકે છે. પોલીસ વડા શિવાનંદ ઝા આ પ્રમોશન અને ટ્રાન્સફરો માટે કી-રોલમાં છે. તેમણે મુખ્યમંત્રી અને ચીફ સેક્રેટરી સાથે ચર્ચા કરીને આ બન્ને બાબતોને ટોપ પ્રાયોરિટી આપવાનો પ્રયાસ શરૂ કર્યો છે. દરમ્યાન, બે ભૂતપૂર્વ ડીજીપી ગીથા જોહરી અને પ્રમોદ કુમાર તેમના અનુભવના આધારે તેઓને રાજ્યમાં પોસ્ટીંગ મળી શકે છે.

● ગુજરાતમાં ડિજીટલ મિડીયા રેક્નાઇઝ્ડ થશે...

ગુજરાતમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મિડીયામાં બરાબરની સ્પર્ધા કરી રહેલું ડિઝીટલ મિડીયા એટલે કે ન્યૂઝ પોર્ટલને કાયદેસરની માન્યતા પ્રદાન કરવા ગુજરાતનું માહિતી ખાતુ કેન્દ્રના ડીએવીપીની મદદ લઈ રહ્યું છે. કેન્દ્રએ ડિઝીટલ મિડીયાને એડવર્ટાઈઝમેન્ટ આપવા માટે પોલિસી બનાવી છે તેના અનુસંધાને ગુજરાત સરકાર નવી પોલિસી તો નહીં બનાવે પરંતુ કેન્દ્રની આ પોલિસીને અનુસરશે. માહિતીના અધિકારીએ આ બાબતની પુષ્ટી આપી છે. તેમણે કહ્યું છે કે કેન્દ્રની ગાઈડલાઈન પ્રમાણે નિયમબદ્ધ થયેલા ન્યૂઝ પોર્ટલને કેન્દ્રના ધોરણે ગુજરાતનું માહિતી ખાતું એડવર્ટાઈઝમેન્ટ આપશે. જો કે તેના માટે કેન્દ્રની ગાઈડલાઈન પ્રમાણે જે તે મિડીયાએ તેમના ડોક્યુમેન્ટની પૂર્તતા કરવાની રહેશે. ત્રીજી દુનિયાના ડિઝીટલ મિડીયા માટે આ એક રાહતના સમાચાર છે.

ન્યૂઝ પોર્ટલમાં હવે કેન્દ્રના ધોરણે માહિતી ખાતું એડ સહાયની મંજૂરી આપશે

પાલમિન્ટ સેક્રટેરી ભૂલી જાવ, કેબિનેટનો વિસ્તાર અને સાહસોમાં નિયુક્તિ થશે

મિડીયાની નારાજગી દૂર કરવા સરકારને વધુ એક પ્રવક્તા મંત્રીની જરૂર છે

● વધુ એક પ્રવક્તા મંત્રીની જરૂર છે...

ગુજરાત સરકારમાં સૌથી બિઝી હોય તો તે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ છે. તેમના વિભાગોની જવાબદારી તેમજ મુલાકાતીઓથી સતત ઘેરાયેલા રહેતા આ સિનિયર મંત્રી સરકારના પ્રવક્તા પણ છે. ગઈ સરકારમાં તેમની સાથે સૌરભ પટેલને પણ પ્રવક્તા મંત્રી બનાવવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારમાં બીજા પ્રવક્તા મંત્રીની જરૂર હોય તેમ લાગે છે, કારણ કે એકલા નિતીન પટેલ પહોંચી શકતા નથી. નિતીન પટેલની એક ખૂબી એ છે કે તેઓ થાકતા નથી. તેઓ હંમેશા એરર્જેટીક જોવા મળે છે, હા, તેઓ થોડાં ગુસ્સાવાળા છે તેથી કેટલાક મુલાકાતીને ધમકાવી નાંખતા હોય છે. આ વખતે સૌરભ પટેલ એકલા અટૂલા પડી ગયા છે. બીજા પ્રવક્તા માટે તેઓ ફીટ છે. એ ઉપરાંત પ્રદીપસિંહ જાડેજા અથવા તો કૌશિક પટેલને પણ પ્રવક્તા બનાવી શકાય છે. કેશુભાઈની સરકારમાં પ્રવક્તા તરીકે પહેલાં હરેન પંડ્યા હતા ત્યારબાદ જયનારાયણ વ્યાસ પ્રવક્તા બન્યા હતા. સ્વર્ગસ્થ અશોક ભટ્ટ તો એવરગ્રીન પ્રવક્તાની અદામાં જોવા મળતા હતા. રૂપાણી સરકારમાં બે પ્રવક્તા હોવા જોઈએ તેવું મિડીયાનું માનવું છે.

● વિસ્તરણ ન કરો, બોર્ડ-નિગમ તો છે ને...

ભાજપના ધારાસભ્યો અને પાર્ટીના સિનિયર લિડર્સ કહે છે કે રૂપાણી સરકારને ભલે મંત્રીમંડળનું વિસ્તરણ ન કરવું હોય, કેજરીવાલના એપિસોડ પછી ભલે સંસદીય સચિવોની નિયુક્તિ ન થાય પરંતુ બોર્ડ-કોર્પોરેશનમાં નિયુક્તિ તો થઈ શકે છે. ગુજરાતના મુખ્ય કહી શકાય તેવા ૨૨ બોર્ડ-કોર્પોરેશન છે જેમાં ચેરમેન અને ડિરેક્ટરોની નિયુક્તિ થઈ શકે છે. હાલ જીઆઈડીસીમાં બલવંતસિંહ

આભાર - નિહારીકા રવિયા રાજપૂતને ચેરમેન બનાવવામાં આવેલા છે. એ સાથે બે કે ચાર સાહસોમાં નિયુક્તિ થયેલી છે. ગઈ સરકારમાં જે જગ્યાઓ પર ચેરમેન નિયુક્ત કરવામાં આવ્યા હતા તેમની અવધિ પૂર્ણ થઈ ચૂકી છે, જેમ કે યાત્રાધામ વિકાસ બોર્ડમાં મહેન્દ્ર ત્રિવેદી ચેરમેન હતા પરંતુ અત્યારે આ સ્થાન ખાલી પડેલું છે. પાર્ટીના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે લોકસભાની ચૂંટણી પહેલાં આ નિયુક્તિ પૂર્ણ કરી દેવી જોઈએ. જો કે સચિવાલયના સૂત્રો કહે છે કે મુખ્યમંત્રી તેમના મંત્રીમંડળનું વિસ્તરણ કરવાના છે પરંતુ તે અંગેનો ચોક્કસ સમય નિશ્ચિત નથી. વિસ્તરણ કરવાની ડેડલાઈન નવેમ્બર અથવા તો ડિસેમ્બર છે, કેમ કે જાન્યુઆરી થી લોકસભાની ચૂંટણીની તૈયારી શરૂ થવાની છે.

● ફેસબુકનો ફટકો, ભાજપ-કોંગ્રેસ પરેશાન...

ડેટા લીક થયા પછી ફેસબુકના માલિક માર્ક ઝુકરબર્ગે તેની છબી બચાવવા રાજકીય સેક્ટરમાં ભૂકંપ સર્જ્યો છે. ફેસબુકમાં હવે કોઈપણ જાહેરાત વેરીફિકેશન વિના આપી શકાશે નહીં. ઝુકરબર્ગે ખુદ કહ્યુ છે કે અમેરિક, મેક્સિકો, બ્રાઝીલ, ભારત અને પાકિસ્તાન સહિત અનેક દેશોમાં ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે આ દેશોમાં સકારાત્મક માહોલ સર્જાય તેવા અમારા પ્રયાસ રહેશે. કોઈ પણ એડ કંપની રાજકીય જાહેરાત આપવા ઈચ્છે તો તેણે વેરીફેકેશન કરાવવુ પડશે અને તેના માટે કંપનીએ પોતાનુ લોકેશન અને ઓળખની ખરાઈ કરાવવી પડશે. આ સાથે રાજકીય જાહેરાતોના નાણાં આપનાર સંસ્થાનુ નામ પણ પોસ્ટ કરવામાં આવશે. લોકસભાની ચૂંટણી પહેલાં ફેસબુકની આ જાહેરાતથી ભારતની રાજકીય પાર્ટીઓને ફટકો પડ્યો છે. ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસને વધારે નુકશાન થશે.

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત